## <u>અસલ હુકમનામું</u>

અસલ ફરિયાદનું હુકમનામું
(ઓ. ૨૦,કા.–૬–૭).

**દેત્રોજ ના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દેત્રોજ**

**રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૩૫/૨૦૨૩**

**આંક : ૪૨**

**વાદી :–**

મેનેજરશ્રી,સ્ટે ટ બેંક ઓફ ઇન્ડિયા–દેત્રોજ શાખા,

રહે .દેત્રોજ,તા.દેત્રોજ–રામપુરા, જી.અમદાવાદ.

**વિરુધ્ધ**

**પ્રતિવાદી:–**

(૧) જતાબાઇ દિવાનસંગ ઉર્ફે દિવાનસિંહ ઝાલા,

(આંક–૧૨ નીચે ના હુકમ હેઠળ ડીલીટ કરેલ છે)

(૨) ભીખુભા દિવાનસંગ ઝાલા,

રહે .દરબારગઢ,મુ.ગુંજાલા,તા.દેત્રોજ–રામપુરા,જી.અમદાવાદ

---

**વાદી તરફે વિ.વકીલશ્રી– આર.એ.શાહ**
**પ્રતિવાદીઓ તરફે વિ.વકીલશ્રી– એક્સપાર્ટી**

---

**દાવો : રૂા.૫૭,૦૨૩/– ના આંકથી**

---

**દાવા દાખલ તારીખ : ૨૫–૦૯–૨૦૨૩**
**દાવા નિકાલ ફેસલ તારીખ : ૧૮–૦૩–૨૦૨૬**

---

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના પ્રતિવાદીઓ રહે .મુ.પો.ગુંજાલા,તા.દેત્રોજ–રામપુરાનાઓએ સંયુકત રીતે કે.સી.સી.લોન ધિરાણ મેળવવા અરજી કરે લ. જે અરજી અનુસંધાને આ કામના પ્રતિવાદીઓના કે .સી.સી.લોન ધિરાણ રૂા.૪૬,૬૦૦/–(અંકે રૂપિયા છેતાલીસ હજાર છસો પુરા) તા.૧૧–૦૫–૨૦૨૦ ના રોજ મંજુર કરવામા આવેલ અને આ કામના પ્રતિવાદીઓને નકકી થયા પ્રમાણેના વર્ષે નકકી

થયા પ્રમાણેની ધિરાણની રકમ આપવામાં આવેલ અને સદર ધિરાણની પ્રક્રિયા અંગે આ કામના પ્રતિવાદીઓએ તેમની અરજી તેમજ તે સાથે આ કામના પ્રતિવાદીએ લેટર ઓફ એરે ન્જમેન્ટ,શાનગીરોનો કરાર,એનેક્ષર–ઇ તેમજ જરૂરી દસ્તાવેજો તેઓ વાદી બેંકને તેમની સહી/અંગુઠા કરીને વાદી બેંકની તરફે ણમાં કરી આપેલ અને તે ધિરાણની રકમ આ કામના પ્રતિવાદીઓને વાદી બેંકને હપ્તાઓથી કરાર પ્રમાણે વ્યાજ સહિત ભરપાઇ કરવાની સવલત વાદી બેંક તરફથી આપવામાં આવેલી તેમજ જો આ કામના પ્રતિવાદીઓ નકકી થયા પ્રમાણેના સમયે ધિરાણની રકમ ન ચુકવે તો વધારાના કરાર મુજબ દંડનીય વ્યાજ સહિત પ્રતિવાદીઓએ વ્યાજ ચુકવવાનના રહેશે તેવું પણ પ્રતિવાદીઓ સાથે નકકી થયેલ. આ કામના પ્રતિવાદીઓએ તેમની જમીન ઉપર બોજો પણ નોંધાવી આપેલ હતો. આ કામના પ્રતિવાદીઓનું વાદી બેંકની શાખામાં લીધેલ ધિરાણ અંગે ખાતા નં. ૩૯૩૧૩૬૫૫૯૩૩ થી ખાતુ ચાલતું આવેલ છે અને આ કામના પ્રતિવાદીઓ સદર ધિરાણ ચુકવવામાં તેમજ હપ્તાની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે અને પ્રતિવાદીઓએ ધિરાણની રકમ ભરપાઇ નહી કરતા વાદી બેંકે આ કામના પ્રતિવાદીને અવાર નવાર ધિરાણ ભરપાઇ કરવા અંગે લેખિત મૌખિક જાણ કરેલ.વધુમાં વાદી બેંકે આગળ જણાવેલ છે કે , વાદી બેંકે અવાર નવાર મૌખિક તેમજ લેખિત સુચનાઓ રકમ ભરપાઇ કરવા આપેલ હોવા છતા પ્રતિવાદીઓએ રીવાઇવલ લેટર પણ લખી આપેલ હોય/ધિરાણ પણ રીન્યુઅલ કરાવેલ હોય છતાં વાદી બેંકની લેણી કરમ ભરપાઇ કરેલ ન હોઇ આ કામના પ્રતિવાદીઓ પાસે વાદી બેંકનું તા.૩૧–૦૩–૨૦૨૩ ના રોજની સ્થિતિએ રૂા.૫૭,૦૨૩/–(અંકે રૂપિયા સતાવન હજાર ત્રેવીસ રૂપિયા પુરા)નું લેણું પડે છે જે રકમ વ્યાજ સાથે વસુલ મેળવવા વાદી બેંકને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

**(૨) માંગવામાં આવેલ દાદ:**

**(અ)** આ કામના પ્રતિવાદીઓએ નામદાર કોર્ટ ની હકુ મતમાં વાદીબેંકમાંથી ધિરાણ મેળવવા પ્રક્રિયા કરતાં પ્રતિવાદીઓનું રૂા.૪૬,૬૦૦/–(અંકે રૂપિયા છે તાલીસ હજાર છસો પુરા)ની લીમીટનું તેઓની દાવા અરજીમા જણાવ્યા

પ્રમાણેનું વાદી બેંક દ્વારા ધિરાણ મંજુર કરવામાં આવેલ હોય અને તે મંજુર થયા બાદ નકકી થયા પ્રમાણેના વર્ષે પ્રતિવાદીઓએ વાદી બેંકમાંથી નકકી થયા પ્રમાણએનું ધિરાણ મેળવેલ હોય અને તે ધિરાણની વાદી બેંકની તા. ૩૧–૦૩–૨૦૨૩ ના રોજની સ્થિતિએ કલોઝર અમાઉન્ટ રૂા.૫૭,૦૨૩/– (અંકે રૂપિયા સતાવન હજાર ત્રેવીસ રૂપિયા પુરા) ની જે લેણી રકમ પડે છે તે રકમ આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકને ૧૪ ટકાના ચઢેલ/ચઢતા વ્યાજ સાથે ચુકવી આપે તેવું હુકમનામું વાદી બેંકના લાભમા તેમજ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ કરી આપવા નમ્ર અરજ છે .

**(બ)** વાદી બેંક આ કામના પ્રતિવાદી પાસેથી ઉપરોકત જણાવ્યાપ્રમાણેની ચઢતી લેણી રકમ સહિતની રકમ પ્રતિવાદીની હરકોઇ સ્થાવર–જંગમ મિલકત કે જાતથી વાદી બેંક વસુલ કરી લઇએ તેવો વાદી બેંકના લાભમાં હુકમ તેમજ હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે .

**(ક)** આ દાવો તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે.

**(ડ)** આ દાવાને લગતી બીજી વાજબી અને આનુસાંગિક દાદ કે દાદો વાદી બેંકના લાભમાં તેમજ પ્રતિવાદી વિરુધ્ધ અપાવવા અરજ છે .

(૨) આ કામના વાદીના હાલના દાવાનો આ કામના પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ કરતાં, સમન્સની ધોરણસર બજવણી થયેલ હોવા છતાં પ્રતિવાદીઓ કે તેઓના તરફે કોઇ વકીલશ્રી અદાલત રૂબરૂ હાજર રહેલ નહી હોય કે કોઇ રીપોર્ટ રજુ કરવામાં આવેલ ન હોય જેથી પ્રતિવાદીઓ સામે પ્રસ્તુત કામ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે .

**–:આખરી હુકમ:–**

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે .

(૨) આ કામના પ્રતિવાદીઓ સંયુકત તેમજ વિભકત રીતે વાદીને રૂા.૫૭,૦૨૩/–(અંકે રૂપિયા સતાવન હજાર ત્રેવીસ રૂપિયા પુરા)

દાવા તારીખથી સદર રકમ વસુલ આવતા સુધી વાર્ષિક ૦૯ ટકા ના દરે વ્યાજ સહ ચુકવી આપવી.

(૩) પ્રતિવાદીઓ દ્વારા વાદીની લેણી પડતી રકમ ચુકવવામાં કસુર થયેથી વાદી બેંક તેઓની લેણી પડતી રકમ પ્રતિવાદીઓની જાત તેમજ તમામ મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

(૪) આ હુકમ થયા સુધીમાં જો પ્રતિવાદીઓએ કોઇ રકમ ચુકવેલી હશે તો તે રકમ તેને મજરે આપવાની રહેશે.

(૫) વાદીનો દાવાનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવો.

(૬) હુકમ મુજબ આખરી હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ તારીખઃ૧૮, માહે –માર્ચ,સને–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટ નું સીલ કરી જાહેર કર્યો.

(સહી/–)

તારીખ– ૧૮.૦૩.૨૦૨૬ (હર્ષ શાંતીભાઇ રાઠોડ)

સ્થળ–દેત્રોજ પ્રિન્સીપાલ સિવિલ જજ, દેત્રોજ

કોડ નં. જી.જે.૦૧૭૭૪

।
।
।
।
।
।
।
।
।
।
।

રેગ્યુલર દિવાની મુકદ્મા નં ૩૫/૨૦૨૩

## **૦ ૦ ખર્ચનો આંકડો ૦ ૦**

| વાદીને થયેલો | | | | પ્રતિવાદીને થયેલો | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રૂ. | પૈસા | | | રૂ. | પૈસા |
| ૧. | ફરીયાદ અરજીનો સ્ટાંપ | ૪૩૦૦/– | | ૧. | સામા દાવા ઉલટા દાવાના સ્ટાંપ | – | |
| ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | | ૨. | મુખત્યારનામાનો સ્ટાંપ | ૩/– | |
| ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | – | | ૩. | રજુ થયેલ કાગળોનો સ્ટાંપ કુલ આગળ આપ્યા પ્રમાણે | | |
| ૪. | સાક્ષીઓની ખોરાકી | | | ૪. | સાક્ષીઓની ખોરાકી | | |
| ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૪૦૦/– | | ૫. | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામા દાવા ઉપર પ્લીડરની ફી | ૪૦૦/– | |
| ૬. | પ્રોસેસ બજવણી | – | | ૬. | પ્રોસેસ બજવણી | – | |
| ૭. | કમિશનર ફી | – | | ૭. | કમિશનર ફી | – | |
| ૮. | તરજુમાની ફી | – | | ૮. | તરજુમાની ફી | – | |
| ૯. | નકલ ફી | – | | ૯. | નકલ ફી | – | |
| ૧૦. | મુલતવી રાખવા બદલ આપેલ | – | | ૧૦ | મુલતવી રાખવા બદલ આપેલ | – | |
| ૧૧. | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટાંપ | – | | | | – | |
| | **કુલ** | ૪૭૦૩/– | | | **કુલ** | ૪૦૩/– | |
| | **નહીં આપેલાનો ખર્ચ** | | | | **નહીં આપેલાનો ખર્ચ** | | |

આજ તારીખ ૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

(એચ.એસ.રાઠોડ)

તૈયાર કરનાર આસીસ્ટન્ટ

તપાસનાર સુપ્રીટેન્ડેન્ટ

પ્રિન્સિપાલ સિવીલ જજ
દેત્રોજ
કોડ નં..જે.૦૧૭૭૪